

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

## સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*કોથળામાંથી હવે બિલાડીનાં બચ્ચાં નિકળે છે,*
*'હાઈકમાન્ડ' પદ ટકાવવા ખર્ચા નિકળે છે,*
*ચર્ચા નિકળે એ પણ એને માટે છે પરાક્રમ -*
*કોઈ સાચું કહે, નેતાની આંખે મર્ચા નિકળે છે.*

હાઈકુ

*ફરે છે અહીં*
*ડેંગ્યુનો ભૂખ્યો પ્હેરી -*
*કોરોના હવે...*
*(ગયો નથી ત્રીજી લહેરમાં છે)*

*ભાગ્ય પ્રમાણે*
*મળે છે એવી બુદ્ધિ*
*આવે આપત્તિ...*
*(પક્ષ ડૂબાવવાના નિર્ણય)*

## ચિંતન

**અવ્યવસાયિનમલસં દૈવ પર સાહસાચ્ય પરિહીનમ્ ।**
**પ્રમદેવ વૃદ્ધપતિં નેચ્છત્યુપગૂહિતું લક્ષ્મીઃ ॥**

ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.

કાર્ય નહીં કરનારને, આળસુને, નસીબમાં માનનારે અને સાહસ વગરનાં ને લક્ષ્મી, ઘરડા પતિને યુવાનપત્નિની જેમ, ભેટવા ઈચ્છતી નથી.

પ્રત્યેક મનુષ્ય પોતાને ધન(લક્ષ્મી) મળે એમ આ ધનપરાયણ જમાનામાં ઈચ્છે છે, પરંતુ લક્ષ્મી ચોક્કસ ગુણો ધરાવતા માણસ પાસે જ જાય છે. અવ્યવસાય. એટલે જે માણસ કાર્ય ન કરે તેની પાસે જવા લક્ષ્મી ઈચ્છતી નથી. આળસુ માણસ પાસે પણ લક્ષ્મી જવા ઈચ્છચી નથી. આળસ લક્ષ્મીની વિરોધી છે.

લક્ષ્મી ન ઈચ્છે તેવો દોષ નસીબનો ભરોસો રાખવાનો ગણાવ્યો છે. નસીબમાં હશે તો થશે એમ માનીને કાર્ય ન કરનારા ને લક્ષ્મી ઈચ્છતી નથી. એવી જ રીતે સાહસ ના કરનારા માણસ પાસે લક્ષ્મી ફરકતી નથી. જોખમથી ડરીને જે કાર્ય કરવાનું સાહસ જ નથી તેને લક્ષ્મી મળતી નથી. પરિણામે સાહસ ન કરનારો માણસ લક્ષ્મીને પસંદ નથી.

## સુવિચાર

- કટોકટી વચ્ચે પરિવારમાં હિત ઈચ્છનાર લોકોની કસૌટી થાય છે - **જીવનપાથેય**
- જીવન તો ટેસ્ટમેચ જેવું છે, પહેલી ઈનીંગમાં રન કરવામાં નિષ્ફળ ગયેલો બેટ્સમેન બીજી ઈનીંગમાં એનું સારું વાળી દેવાનો પ્રયત્ન કરતો રહે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- વાચકો પુષ્કળ હોય છે, ચિંતકો જૂજ હોય છે - **હેમ્લેટ માર્ટિનવ**
- આપણું મૃત્યુ આપણા જીવનનો ઈતિહાસ લખે છે - **નઝરૂલ ઈસ્લામ**
- દુનિયા મૂર્ખ કહે તો એની પરવા ન કરવો, પણ દુર્જન ન કહી જાય એની કાળજી રાખજો - **બર્નાડ શો**
- તે માણસ ગુનેગાર છે જેનો પાડોશી ભૂખ્યો હોય અને પોતે ખાય - **હદીસ બોધ**
- આજનું ઔષધ : એક ચમચી એલોવેરા જેલમાં ચપટી સિંધાલૂણ ઉમેરી ચહેરા પર લગાડવાથી ત્વચાના સામાન્ય રોગ મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

## બોધકથા

કવિ દલપતરામે એક દોહામાં લખ્યું હતું, 'પોપટ પાળે પ્રેમતી, કોઈ ના પાળે કાગ!!' ભરુચમાં રહેતા મશ્કરા કવિ બાલાશંકર (કલાકાન્ત) ને તોફાન સુઝ્યું. એમણે નક્કી કર્યું કે દલપતરામને ખોટા પાડવા !! એ માટે કાગડો પાડવો. અને પછી દલપતરામને પત્રમાં જણાવવું કે 'પોપટ પાળે પ્રેમથી, પણ કોઈ કોઈ પાળે કાગ!!' કવિ બાલાશંકરે કાગડાને પકડવાનું અભિયાન આદર્યું. કાગડા માટે ખોરાક - પાણી નીરવાનું શરૂ કર્યું. એમ કરવામાં દસ દિવસની મહેનત બાદ એક ઘરડો કાગડો આવ્યો અને કવિ બાલાશંકરે તેના પર ટોપલો ઢાંકી પકડી લીધો. કાગડાને પાંજરે પૂર્યો અને પાંજરુ ફળીયામાં લટકાવી દીધું. પણ કવિ ભૂલી ગયા કે કાગડો સામાજિક જીવ છે. એ ઘરડા કાગડા એ જોર જોરથી કા - કા - કા !! ની ફરિયાદ કરવાની શરૂ કરી અને ઘડીક વારમાં તો એકસો જેટલા કાગડા ફળીયામાં ઉતરી આવ્યા. ભરુચની બુરઝ પોળમાં કાગવાણી ગાજી રહી. સવારથી સાંજ સુધીમાં તો સૌ પાડોશી ત્રાસી ગયા અને બાલાશંકરને કહ્યું, 'આ કાગડાને આઝાદ કરો નહીંતર અમે પોલીસ ફરિયાદ કરીશું.' બિચારા બાલાશંકરને કાગડાને મુક્ત કરવો પડ્યો. અને કવિ દલપતરામને 'પાઠ' ભણાવવાની ઈચ્છા પૂરી ન થઈ.

# આપઘાત એ સમસ્યાનું સોલ્યુશન નથી

**તંત્રીસ્થાનેથી...**

સૃષ્ટિના આરંભથી જ જીવ માત્રના જીવવા માટેનાં વલખાં દષ્ટિગોચર થતાં રહ્યાં છે. મરવાનું કોઈને ગમતું નથી હોતું. જો કે મરણ એક આવશ્યંભાવી ઘટના છે. જાયું તે જવાનું છે. જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુ : । પરંતુ સામાન્ય રીતે જીવ માત્ર મૃત્યુથી બચવા માટે પ્રયત્ન કરતો રહે છે, પછી એ નાનકડી કીડી હોય, મચ્છર હોય કે મોટો હાથી યા સિંહ. માણસને કુદરતે વિચારશીલ મગજ આપ્યું છે એટલે એણે જીવનને વધારે સુવિધાપૂર્ણ અને આનંદદાયક બનાવવાના નુસખા શોધી કાઢ્યા છે. રોગ અને વૃદ્ધાવસ્થા સામે ટકી રહેવાના ઉપાય કરતો રહી એ પ્રતિકૂળ સંજોગોમાં પણ જીવનને બચાવવા મથતો રહે છે. પરંતુ કયારેક પરિસ્થિતિ એવી વિકટ સરજાય છે કે એ જાતે જ જીવનનો દીવો રામ કરી દેવાનો નિર્ણય પણ કરી દે છે. કુદરતી મોત એ સર્વસ્વીકૃત અને અનિવાર્ય ઘટના ઘણાય. એક ને એક દિવસે સૌએ મરવાનું છે તે દરેક જન્મનાર જાણતું હોય છે. (કદાચ પશુ પંખી અને એમનાથી ઉતરતી કક્ષાના જીવોમાં એનો અહેસાસ ન પણ હોય.) જન્મ થતાંની સાથે જીવ મૃત્યુની દિશામાં આગળ વધવા લાગે છે. છતાં જીવનના રોમાંચને લીધે એને મૃત્યુનો ભય લાગતો નથી. ઉંમરના એક તબક્કે એ મંગલ મૃત્યુનું સ્વાગત કરવા સજ્જ બની શકે. પણ જયારે કોઈ અસહ્ય પરિસ્થિતિ ઊભી થાય ત્યારે જીવનની દોરી અધવચ્ચે ટૂંપાવી દેવામાં એને રાહત અનુભવાય છે. માનવીનું મન કયારે નકારાત્મક દિશામાં દોટ મૂકશે તે કલ્પવું અઘરું છે. હમણાંથી રોજના હિસાબે આત્મહત્યાના કિસ્સા બનતા જોવા મળી રહ્યા છે. મુગ્ધ કિશોર - કિશોરીઓથી લઈ વયોવૃદ્ધ પ્રતિભ સંપન્ન વડીલો સુધી આત્મહત્યાની આ વિભીષિકાએ ભરડો લીધો છે. પ્રયાગરાજના પ્રતિષ્ઠિત સંત એમની પ્રસ્થાપિત મૂઠી ઊંચેરી પ્રતિભાને લાંચન લાગવાની ધાકમાં જ પંખે લટકી પડે છે. તો વળી અમદાવાદના પ્રખર ભાષા શાસ્ત્રી અને એમનાં પત્ની બીમારીથી કંટાળીને ફાંસો ખાઈ લે છે. હજી જેની કારકિર્દીની શુભ શરુઆત થવાની હોય એવા યુવાનો અને યુવતીઓ પરીક્ષામાં અપેક્ષા મુજબનાં પરિણામ નહીં મળે એવી બીકમાં અથવા પ્રેમમાં મળેલી નિષ્ફળતાને કારણે મોત વહાલું કરે છે. ઘણા બધા આત્મહત્યાના કિસ્સામાં આર્થિક સંકડામણ જવાબદાર હોય છે. કોરોનાકાળથી ત્રસ્ત જિંદગી આપઘાતમાં આયાસેશ કે સધિયારો શોધે છે. વિશ્વમાં મૃત્યુનાં ચાર સૌથી મોટા કારણો પૈકી એક આપઘાત છે. એ મૂળભૂથ રીતે મગજમાં થતી નકારાત્મક રાસાયણિક પ્રક્રિયાને કારણે સરજાતા ડિપ્રેશનની ફલશ્રુતિ હોય છે. તત્વચિંતકો આદિ અનાદિથી માણસને મરવાનો અધિકાર પણ હોવો જોઈએ એવી ચર્ચા કરતા રહ્યા છે. અસહ્ય વેદના સાથે નરક જેવી જિંદગી લંબાવવી એના કરતાં એવી પીડા ભોગવનારને સ્વેચ્છા મૃત્યુ આપવાનું ઘણા સુધરેલા દેશોમાં ચલણ પણ છે. પરંતુ કોઈ પણ ધર્મ કે ફિલસૂફી જીવનનો કૃત્રિમ રીતે અંત આણવાની તરફેણ નથી કરતાં. પહોંચેલા મહાત્માઓ તો દેહથી દેવને જુદો માનીન કેન્સર જેવા દર્દની અસહ્ય વેદના પણ હસતા મોઢે જીરવતા રહ્યા છે. રામકૃષ્ણ પરમહંસ, રમણ મહર્ષિ, ડોંગરેજી મહારાજ કે જેસંગબાપા એના ઉદાહરણ છે. જીવન એ ઈશ્વર તરફથી મળેલી અણમોલ ભેટ છે. એને ભરપૂર જીવી લેવું જોઈએ. સંતને કોઈ મહિલા સાથે રંગરેલીયા કરતા બતાવીને મરવા માટે મજબૂર કરનાર જેટલો ગુનેગાર છે એથી વધુ મોટા ગુનેગાર તો એ પડકારને સ્વીકારવાની હિંમત દર્શાવ્યા વગર ફાંસો ખાઈ લેનાર સંત પોતે જ ગણાવા જોઈએ. સાક્ષરવર્ય યોગેન્દ્ર વ્યાસે મરવું જ હતું તો અધિકારપૂર્વક સ્વીડન જેવા દેશમાં જઈને સ્વેચ્છામૃત્યુ સ્વીકારવાની જરૂર હતી. યોગ અને પ્રાણાયામથી પરિણામ ન મળ્યું તે ફાંસીથી દોરડાથી મેળવવાનો વિકલ્પ અલબત્ત અકળાવનારો છે.

# પ્લેટલેટની ના સમજ : દરેક ડેન્ગ્યુમાં પ્લેટલેટ ચડાવવા જ પડે ?



તન દુરસ્તી
મહેન્દ્ર ગજ્જર

એવું ગાંડાલાલ માનતા હતા. ડાહ્યાલાલે કહ્યું ગાંડાલાલ તમારી પ્લેટલેટ વિશે ના સમજ છે. પહેલા તો પ્લેટલેટ દરેકમાં ઓછા થાય કે ખાલી ડેન્ગ્યુમાં જ ઓછા થાય ? એની સમજ લેવી જોઈએ. કોઈ પણ પ્રકારનો તાવ હોય તેમાં ખાસ કરીને ડેન્ગ્યુ, મેલેરિયા અને ચિકનગુનિયા એ બધામાં જ પ્લેટલેટ ઓછી થાય છે. મેલેરિયા અને ડેન્ગ્યુમાં તમારી પ્લેટલેટ ઓછી થાય અને જીવલેમ સાબિત થઈ શકે છે. જયારે બીજા બધા તાવ જેવાં કે ચિકનગુનિયાનાં એમાં ઓછી થયેલ પ્લેટલેટ જીવલેણ નથી હોતી. મેલેરિયા અને ડેન્ગ્યુમાં એમાં ખાસ કરીને ડેન્ગ્યુમાં વાયરસની ઈફેક્ટ પ્લેટલેટ અને WBC એટલે કે શ્વેતકણ ઉપર વધારે થાય છે. ડેન્ગ્યુના વાયરસ જો વધારે પ્રમાણમાં શરીરમાં હોય તો પ્લેટલેટ વધારે ઓછી થાય છે. પ્લેટલેટ વધારે પ્રમાણમાં ઓછી થવાને લીધે શરીરમાંથી રક્તનો સ્રાવ થતો હોય છે. જે મોં માંથી, ઝાડામાં, પેશાબમાં વગેરે જગ્યાએ લોહી બહાર નીકળે છે. હવે સવાલ એ થાય કે બીજા બધા તાવમાં પણ પ્લેટલેટ ઓછી થાય છે.

પણ ડેન્ગ્યુમાં જ શરીરમાંથી લોહી કેમ બહાર નીકળે છે. પરંતુ કારણ પ્લેટલેટની સામાન્ય નોર્મલ રેન્જ ૧, ૫૦, ૦૦૦ ની આજુબાજુ અથવા તો ૫૦,૦૦૦ની આજુબાજુ રહેતી હોય છે. જયારે ચિકનગુનિયામાં ૧,૦૦, ૦૦૦ થી ૧, ૫૦, ૦૦૦ની વચ્ચે રહેતી હોય છે. હવે વાત કરીએ ડેન્ગ્યુની. સામાન્ય રીતે ડેન્ગ્યુમાં મોટાભાગના લોકોને પ્લેટલેટ ૧,૦૦, ૦૦૦ની આજુબાજુ રહેતી હોય છે એટલે કે ૯૦ ટકા લોકોમાં આ વાત સાચી છે. ૫ ટકા લોકોમાં પ્લેટલેટ ૫૦,૦૦૦ થી ૧,૦૦, ૦૦૦ ની વચ્ચે રહેતી હોય છે. ૩ ટકા લોકોમાં પ્લેટલેટ ૨૦,૦૦૦ થી ૫૦, ૦૦૦ સુધી ઓછી થઈ શકે છે. ડેન્ગ્યુ પોઝીટીવ હોય અને તમારી પ્લેટલેટ ૫૦૦૦ સુધી હોય પણ શરીરમાંથી કોઈ પણ જગ્યા ઉપર લોહી ન નીકળતું હોય તો ચિંતા કરવાની જરૂર બિલકુલ નથી. એટલે કે ડેન્ગ્યુ હેમરેજીક ન હોય તો સાવદાની રાખવાથી ૩-૪ દિવસમાં ડેન્ગ્યુ આરામથી મટી શકે અને પ્લેટલેટ અઠવાડિયામાં નોર્મલ થઈ જાય. પણ જો તમારા શરીરમાંથી લોહી નીકળતું હોય ઝાડા વાટે, પેશાબ વાટે, અને મોં માંથી અને તમારી પ્લેટલેટ ૫૦૦૦ કરતા ઓછી હોય તો આવા જ દર્દીઓમાં પ્લેટલેટ આપવી હિતાવહ છે.

પ્લેટલેટ આપવામાં ઉતાવળ ન કરવી જોઈએ. છતાં લોકો પેનિક થઈને કારણ વગર પ્લેટલેટ ચડાવતા હોય છે. ગાંડાલાલ બોલ્યા, હા યાદ આવ્યું. હમણાં જ એક એવો કિસ્સો બન્યો. અમારી બાજુમાં એક રસીલાબેન રહે છે. એમના દીકરાની પત્ની સંગીતાની પ્રેગનન્સીના પાંચમો મહિનો ચાલતો હતો. તાવ આવ્યો. લેબમાં ટેસ્ટ કરાવ્યા. ડૉકટર પહેલાં વાયરલ કહ્યું પછી મેલેરિયા કહ્યું, પછી ચિકનગુનિય કહ્યું બધા રીપોર્ટ નોર્મલ આવતા ખાલી પ્લેટલેટ ધીમે ધીમે ઓછી થતી હતી. ડૉકટર છેલ્લા નિદાન ઉપર ડેન્ગ્યુ હોઈ શકે એવું અનુમાન કરતા હતા. એક બે લેબમાં ડેન્ગ્યુના ટેસ્ટ કરાવ્યા એ નેગેટિવ આવતા હતા. સંગીતાબેનના પતિ જેમને મેડિકલ સાયન્સમાં વધારે રસ એટલે એમણે ડેન્ગ્યુ PCR માટે વાંચેલું. ડેન્ગ્યુ PCR કરાવતા ૬ કલાકમાં ખબર પડી કે ડેન્ગ્યુ પોઝીટીવ છે. ગાંડાલાલ બોલ્યા, આ મારું બેટું ખરું તો આગળની લેબના રિપોર્ટ ખોટા ? ડાહ્યાલાલે કહ્યું ના... એવું નહીં ગાંડાલાલ દરેક ટેસ્ટની ચોકસાઈ જુદી જુદી હોય. PCR વધારે ચોકસાઈ વાળો ટેસ્ટ હોય છે. એટલે PCR પોઝીટીવ આવ્યો. હવે સંગીતાબેનની પ્લેટલેટ ૧૧,૦૦૦ હતી.

સંગીતાબેનના પતિ સિવાય બધા જ કહેવા માંડ્યા કે સંગીતાને પ્લેટલેટ ચઢાવો. સંગીતાબેનના સાસુએ ત્યાં સુધી કીધું કે બંને જીવનો સવાલ છે પેટમાં રહેલા નાના જીવની ચિંતા નથી. ગમે તે હોય પ્લેટલેટ ચડાવવામાં તમારું જાય છે શું ? જો કે સંગીતાબેનના પતિએ જવાબદારી પોતાના માથે લઈને પ્લેટલેટ ના જ ચડાવા દીધા અને પ્લેટલેટ લીધા વિના સંગીતાબેન સાજા થઈ ગયા.

# કવિ ઉશનસ્'નું જન્મશતાબ્દીએ સ્મરણ...



ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

રાજ્ય સરકારના જુદા જુદા વિભાગોમાં ફરજ બજાવતા કેટલાયે સૌજન્યશીલ વ્યક્તિઓનો પરિચય થયો છે. આ બાબતને પણ એક સદ્ભાગ્ય ગણી શકાય. કારણ કે આવા સજ્જનોને મળવાથી જીવન જીવવા માટે એક નવો દ્રષ્ટિકોણ તેમજ માર્ગદર્શન મળી રહે છે. આવા એક સજ્જન કે જેમને મળવાનો આનંદ હમેશા સ્મૃતિમાં રહેલો છે. તેમને આપણે 'ઉશનસ્લ ના નામથી ઓળખીએ છીએ. 'ઉશનસ્લ આપણી ભાષાના એક માતબર સર્જક હતા. ઉત્તમ અધ્યાપક હતા. સરળ સ્વભાવના માનવી હતા. ગુજરાતને તેમનો વિશેષ પરિચય આપવાનો હોય નહિ. વલસાડ રાજ્ય સરકારના એક કાર્યક્રમમાં જતાં 'ઉશનસ્' ને મળવાની તક મળી. સૌજન્ય તથા સજ્જનતાએ માનવદેહ ધારણ કર્યો હોય તેવું તેમનું વ્યક્તિત્વ હતું. અત્યારે આ કવિની વિશેષ સ્મૃતિ એટલા માટે થઈ કે ૧૯૨૦-૨૧ એ આ કવિનું જન્મશતાબ્દીનું વર્ષ છે. (જન્મ : ૨૮ સટેમ્બર-૧૯૨૦)

આ કવિની જીવનને જોવાની તથા સમજવાની એક અલગ દ્રષ્ટિ છે. કવિ કોઈ બાબતમાં અંતિમોના તરફદાર નથી પરંતુ સમન્વયના સમર્થક છે. આપણી જિંદગી પણ બે અંતિમોની વચ્ચે ઝૂલતી સમન્વયની સંધિક્ષણ સમાન છે.

ફૂલના જેવું વસંતલ સ્મિત
ખીલે જે શૈષવે -ના, તે નહિ
ને અષાઢી આંખ જેવી આંખડી
સતત રૂએ — તે પણ નહિ
હર આહ કે મલકી જતી,
હર સ્મિત ભરતું ડૂસકું
તે સંધિક્ષણ છે જિંદગી.

નટવરલાલ કુબેરદાસ પંડ્યા તેજ આપણાં કવિ 'ઉશનસ્ છે. વડોદરા જિલ્લાના સાવલીમાં કવિનો જન્મ થયો હતો. ગુજરાતની સુવિખ્યાત સયાજીરાવ વિશ્વ વિદ્યાલયમાંથી બી.એ. તથા એમ.એ.ની પદવી તેમણે મેળવી. તેમનું કાવ્યસર્જન જોકે વહેલું શરૂ થયું હતું. આપણી ભાષાના દિગ્ગજ સર્જક બ. ક. ઠાકોર તથા કવિ કાન્તનો તેમના પર પ્રભાવ હોવાનું કહેવાય છે. વિશેષ કરીને 'કુમારલ્ન ના માધ્યમથી તેમના કાવ્યો અનેક સાહિત્ય રસીકો સુધી પહોંચે છે. તેમની એક ભિન્ન પ્રતિભાનું દર્શન સૌને થાય છે. તેમણે 'ઉશનસ્લ ઉપનામ શા માટે પસંદ કર્યું તેનો ઉત્તર તેઓ એક મુલાકાતમાં કહે છે : ' એ જમાનો ઉપનામ રાખવાનો હતો. તેનાથી પ્રેરાઈને મેં પણ અનેક ઉપનામો વિચારેલા, પરંતુ જ્યારે ગીતામાં કવીનામ્ ઉશેના કવિઃ વાંચ્યું ત્યારે 'ઉશનસ્' ઉપનામ ગમી ગયું તેથી આ ઉપનામ રાખી લીધું. કવિએ અનેક સુંદર કાવ્યોની ભેટ આપી છે. તેમાંની એક સુંદર પંક્તિ છે :

મુજ કવનો જૂજવી જૂજવી ક્ષણો.

જીવનની અનેક ક્ષણોને કે અનુભવ અથવા અનુભૂતિને શબ્દસ્થ કરીને અવતારવાનો કવિનો એક સાતત્યપૂર્ણ પ્રયાસ છે. એ વાત આપણે વારંવાર સાંભળીએ છીએ તેમજ કહીએ પણ છીએ કે મૃત્યુ એ જીવનની અનિવાર્ય ઘટના છે. સાહિત્યમાં તેમજ શાસ્ત્રોમાં પણ આ વાતો ગાઈ વગાડીને કહેવામાં આવે છે. પરંતુ કહેવાની જાણકારીનો જ્યારે વાસ્તવમાં મુકાબલો કરવામાં આવે ત્યારે આપણે હજુ તે વાત પચાવી હોય તેમ દેખાતું નથી. મૃત્યુનો સહજ સ્વીકાર એ આપણી સહજ માનસિક પ્રથાનો ભાગ બન્યો નથી તે નજરે જોઈ શકાય છે. આથી 'ઉશનસ્' કહે છે :

'પરંતુ પૃથ્વીને મરણ હજી કોઠે નથી પડ્યું'

ગાંધીયુગના બે અગ્રેસર કવિઓ તે સુંદરમ્ તથા ઉમાશંકર કહેવાય છે. કવિ 'ઉશનસ્' હક્કથી તેમની હરોળમાં બેસી શકે તેવા કવિ છે.

કવિશ્રીએ તેમની લગભગ પાંચ દાયકાની કાવ્યયાત્રામાં 'પ્રસૂન' 'નેપથ્ય' ઈત્યાદી જેવા કાવ્યસંગ્રહો, અધ્યયનો તેમજ વિવેચનો લખીને આપણી ભાષાની સમૃધ્ધિ વધારી છે. કવિને 'રણજિતરામ સુવર્ણ ચંદ્રક' તેમજ સાહિત્ય અકાદમી પુરસ્કાર મળેલા છે. જે સર્વથા ઉચિત છે. સાહિત્ય પરિષદના પ્રમુખપદે પણ ગુજરાતે તેમને જોયા છે. જનની તથા જન્મભૂમિ તરફનું ખેંચાણ એ કદાચ માનવ માત્ર માટે સહજ છે. કવિએ આ બાબત સુંદર શબ્દોમાં વણી લીધી છે.

જો આ જાણે વતન હોય જો થોડું બાળપણ હોય
બોલાવે ઘરે સાંજે બાના સમુ
સ્વજન હોય.

કવિની કાવ્યસૃષ્ટિમાં ભરપૂર વિવિધતા તેમજ વ્યાપક્તા જોવા મળે છે. 'પ્રથમ શિશુ' ની એક સુંદર પંક્તિમાં લખે છે :

પ્રથમ શિશુ સૌ કહાનો,
માતા બધીજ યશોમતી
મૃદમલિન મ્હોમાં બ્રહ્માંડો
અનંત વિલોકતી.

જેમ જેમ સમય પસાર થતો જાય છે તેમ તેમ જાણે કે આપણે કુદરતની આ સોહામણી સૃષ્ટિની સુંદરતા સાથેનું અનુસંધાન ગુમાવતા જઈએ છીએ. દરેક મોસમનો પોતાનો આગવો અંદાજ કે પ્રભાવ માનવજીવન પર રહેતો હોય છે પરંતુ એર કંડીશનની અસર હેઠળ તેમજ બહુમાળી મજલાઓના ઊંડાણમાં પ્રકૃતિદત સંવેદનો મહદઅંશે આપણે અનુભવી શકતા નથી. જીવનના વિકાસની આ સ્વાભાવિક તેમજ સ્વીકૃત સ્થિતિ હોય તો પણ કંઈક મહામૂલું અનુસંધાન આપણે ગુમાવતા હોઈએ તેવી લાગણી અનેકના મનમાં પ્રસંગોપાત ડોકાઈ જતી હશે. આ સંદર્ભમાં ચૈત્રની રાત્રીઓનું જીવન સાથેનું અનુસંધાન દર્શાવતી 'ઉશનસ્' ની પંક્તિઓ સ્મૃતિમાં આવે છે.

નથી શિશિરનું શૈત્ય,
નથી ગ્રીષ્મની ઉષ્ણતા,
પ્રિયે તારી પ્રીતિ જેવી
સેવ્ય ચૈત્રની રાત્રીઓ
દાત્રીઓ સુખની આવી પહોંચી
આ દેશ યાત્રીઓ,
મેદાનોમાં, અગાશીમાં
માણીલો ચૈત્ર રાત્રીઓ.

ગાંધી વિચાર કે ગાંધીયુગના પ્રભાવ હેઠળ ઘણાં સાહિત્યનું નિર્માણ થયું છે. પરંતુ સ્વાભાવિક રીતેજ તેમાંથી લાંબાગાળા માટે લોકસ્મૃતિમાં જળવાઈ રહે તેવું ઓછું છે. 'ઉશનસ્' ની ચોટદાર પંક્તિઓ તેમાં જુદી ભાત ઉપજાવે છે. ગાંધીયુગની અસર હેઠળ આ કવિએ લખેલા કેટલાક કાવ્યોમાં એક સંક્ષિપ્ત કાવ્યની ખૂબજ અર્થસભર પંક્તિઓ આપણી સામાન્ય મનોવૃત્તિ પર વેધક કટાક્ષ કરતી હોય તેવી છે. કવિ ગાંધીજીને ઉદ્દેશીને કહે છે :

તમને હજીયે છે પ્રજામાં રસ ?
આપની જ્યાં ત્યાં ઊભી કરતી ફરે પ્રતિમા બસ :
તેજમૂર્તિ તાત, આ એવી પ્રજા તમ વારસ,
આદર્શનો અપભ્રંશ જ્યાં છે આરસ !

'ઉશનસ્' ની જન્મશતાબ્દીના વર્ષે તેમની સ્મતિને વંદન છે. નવેમ્બર-૨૦૧૧ માં આ કવિએ આપણી વચ્ચેથી વિદાય લીધી. તેમના અક્ષરદેહથી તેઓ ચિરંજીવી છે.

# ઇચ્છાથી નિકળી અટકળ સુધી જતો માણસનો કાફલો



સંવેદનનું સ્ટેટસ
રમેશ ઠક્કર

ખુશીઓનું આકલન એટલું સરળ નથી હોતું.. લેખાંજોખાં ભૌતિક ચીજોનાં હોઈ શકે..કેટલીક ચીજો માપવાથી નથી મળતી, વ્યાપવાથી મળે છે..આજની વાસ્તવિકતા એ છે કે લોકો ભાવનાઓના પણ ભાવતાલ કરે છે..આપણી ફૂટપટ્ટી દુન્યવી ગણિતથી બધું માપે છે... પરંતુ લાગણીઓને માપવાનું કામ આકાશને ગલેફ ચડાવવા જેવું હોય છે..!

ઉમંગ એ આમ તો આખરી પડાવ હોય છે આપણા પ્રયાસોનો... માણસની મથામણ હંમેશાં મલકાટ માટે રહી છે... પરંતું જે વ્યકિત અંદરથી છલકાઈ જવાની તૈયારી રાખે એ જ બહારથી મલકાઈ શકે છે... જીવવાનો તલસાટ જરૂરી છે પણ એમાં સ્પંદનોનો વસવાટ ના હોય તો કારણવગરનો કચવાટ ઘેરાઈ વળે છે..આ કચવાટ એ આયખાનો કાટ છે..આપણી યાત્રા પણ કેવી હોય છે ? એક કવિએ સરસ વ્યક્ત કર્યું છે..

''ઈચ્છાથી નિકળી અટકળ સુધી ગયો..
માનવીનો કાફલો સદા મૃગજળ સુધી ગયો !''

બહુ દોડયા પછી લાગતો થાક એમાંથી મળતા પરિપાક ઉપર આધારિત હોય છે. લાંબી મજલના અંતે શું પામવાનું છે એ વેધક સવાલ આપણી સામે આવીને ઉભો રહી જતો હોય છે. જિંદગીમાં કેટલું કમાયા ? એનો સરવાળો માંડવો કદાચ સહેલું છે,પણ જિંદગીમાં કેટલું છવાયા એવું આકલન કોઈ કરતું નથી..! વિસ્તરવું એ વ્યાપ છે. સંકોચાઈ જવું એ અભિશાપ છે. આપણે સામાન્ય રીતે નીખરી શકતા નથી.કેટકેટલી બેડીઓ આપણા ચરણોને ચોંટી રહી હોય છે..!

આપણે ભીતરના ભાવોને નિખાલસતાના શણગારથી જો સજાવીએ તો જીવનમાં પમરાટ આપોઆપ પથરાઈ જતો જોવા મળે છે. સામાન્ય રીતે આપણી તલાશ સુખચેન છે. પણ એને પામવાની યોગ્ય ચેઈન આપણી પાસે હોતી નથી. આપણી ખુશીઓનો આધાર આપણી આર્થિક. ભૌતિક કે સામાજિક ઉપલ્બ્ધિઓ આધારિત હોય છે.એવું આપણે ગળથૂથીમાં જ શીખ્યા છીએ. પરંતુ લાગણીઓની ઉપલબ્ધિ જયારે આપણા સરવૈયાનો હિસ્સો બને છે ત્યારે સંતુલન બનતું હોય છે. આપણી હિસાબકિતાબની પધ્ધતિ જ ખામી ભરેલી છે. જગતમાં ખુશીઓ આપોઆપ પ્રગટતી હોય છે. એ પતંગીયા જેવી છે. તમે એને દોડીને અડવા જાઓ તો એ સરકી જાય. તમે નિરાંત ધારણ કરીને તન્મય થઈ જાઓ તો એ આવીને તમારા ખભે સુગંધ ફેલાવી જાય ! જીવનમાં જે પણ મળે છે એ કિંમતી અને મૂલ્યવાન જ હોય છે. આપણે એનું મૂલ કરવાનું હોય છે..પરંતું આપણે એને રેડીમેડ માપદંડો થકી માપતા રહીએ છીએ અને વિલાપતા રહીએ છીએ..

હમણાં એક દ્રશ્ય જોયું..એક સાધનસંપન્ન મોટો માણસ. કાયમ તક મળે ત્યારે પોતાના લાડકોડમાં ઉછેરેલા દિકરાને સતત મોંઘીદાટ વસ્તુઓ અપાવતા. તોય કોઈદિવસ પુત્રના ચહેરા ઉપર કોઈ ખુશી ના છલકાતી. એક દિવસ એ બંને જણા એક ભેળપુરીની લારી ઉપર ઊભા હતા. એમના હાથમાં બજારમાંથી તાજી જ ખરીદેલી કિમતી ચીજોની થેલીઓ હતી. બાપના ચહેરા ઉપર પોરસ છલકાતો હતો પણ દિકરાના ચહેરા ઉપર સ્મિત નામે કોઈ અણસાર ન હતો..!

બીજી તરફ એ જ્યાં ઉભા હતા એ ભેળપુરી બનાવનાર ગરીબ છોકરો પોતાનું કામ ઉમળકાભેર કરી રહયો હતો.એની આજુબાજુ અનેક ગ્રાહકો ઉભા હતા.એબધાની વચ્ચે કામ કરવાની સાથે એ હસીમજાક પણ કરી રહયો હતો...એના ચહેરા ઉપર ગજબની ખુશહાલી હતી..ધીમેથી એણે કિમતી સોગાતો છતાં શોકગ્રસ્ત છોકરા તરફ સ્મિત આપ્યું. એને હસાવવાનો પ્રયત્ન કર્યો. પણ વ્યર્થ..! પરસ્પર બે અલગ છેડાના કિશોર એકબીજા તરફ જોઈ રહયા હતા. એમની પાસે કિમતી સોગાતો હતી છતાં ચહેરા ઉપર શોક હતો..બીજો ફૂટપાથ ઉપર હતો છતાંય જાણે આખા નગરનો માલિક હોય એવો ઉમંગ હતો !

એ ગરીબ છોકરાની ખુમારી અને ચહેરા ઉપરની અપાર ખુશી જોઈ તવંગર બાપને નવાઈ લાગી રહી હતી. આ માણસનો આનંદ કયાંથી ટપકતો હશે ? એ મનોમન વિચારી રહયો હતો..ખરેખર તો એ ધનવાન બાપે પેલા ગરીબ છોકરાને ખુશી કયાં મળે ?એટલું જ પુછવાની જરૂર હતી...! કદાચ એને જવાબ મળી ગયો હોત પણ પ્રસન્નતાનો પટારો પામવો સહેલું કામ નથી..! તદન સાધારણ લાગતી ચીજો દુ:ખદાયી જ હોય એવું માની લેવાની જરૂર નથી એ જ રીતે બહારથી દેખાતી અમીરી કેવળ કિમતી ચીજોમાં પણ હોય છે એવું માનવું પણ ભૂલભરેલું છે. આ ભૂલભુલામણીમાં જ આપણી જિંદગી આટોપાઈ જતી હોય છે. સુખ ક્યારેક બીજાને સંવેદવામાં પણ સમાયેલું હોય છે. હકિકતમાં હરખ એજ માણસની સાચી પરખ હોઈ શકે. વિતેલા વરસની કેટલી પળો મેં હરખથી વિતાવી ? નિર્દોષ આનંદ થકી મેં કેટલા લોકોને સ્મિત આપ્યું ? છલકાઈ જવાના પ્રસંગો કેટલા બન્યા? કુપમંડુકતાને કોરાણે મુકી લાપરવાહ લ્હેરખીની માફક લહેરાઈ જવાનું કયારેય બન્યું છે ? આવા સવાલો થકી વિતેલી ક્ષણોનો અંદાજ મેળવીએ તો જ આપણી ઉપલબ્ધીનો સાચો અહેસાસ કરી શકાય..આપણું સરવૈયું સીધુંસટ હોય છે. જીવનનું ગણિત આમ સરળ પણ એટલું જ અટપટું પણ હોય છે.

જો સરળ જીવન વ્યવ્હાર રાખીએ તો ખુશીઓનું ગણિત સાવ અટપટું પણ નથી.. ફકત આપણી ફોર્મ્યુલા બરાબર હોતી નથી... હેપ્પીનેસના કોઈ શોપીંગ મોલ નથી હોતા કે નથી એનો ઓનલાઈન ઓર્ડર આપી શકાતો..એ ટપકે છે ભીતરથી.. દિલની નાનકડી દુકાનમાંથી..બીજાને આનંદ આપવામાં સુખ પડેલું હોય છે કદાચ આપણને બહુ મોડેથી સમજાતું હોય છે... ઘણા લોકોનો જીવન માટેનો 'લાઈવ ઈન્ટરેસ્ટ' આપણને આપોઆપ સ્પર્શી જાય છે. અનેક સગવડો વચ્ચે પણ સંજોગોનો વાંક કાઢી વસવસો વ્યક્ત કરતા માણસો માનવજાત ઉપરના તહોમતનામા જેવા લાગતા હોય છે..કસ્તુરી પોતાની નાભિમાં છે છતાં અવિરત દોડતા મૃગ જેવી આપણી દશા છે..એની દોડમાં ગતિ છે પણ આશાવાદ નથી..આંતરખોજનો એક અભાવ હોય છે.

કરમાઈ જવાનાં કે સૂકાઈ જવાનાં અહીં લાખ કારણો છે પણ લીલાછમ રહેવાની એક પ્રબળ ઈચ્છા એ તમામને પરાસ્ત કરવા માટે પૂરતી હોય છે..જિંદગી એ કોઈ ઉકેલ માગતો કોયડો નથી કે જેને ઉકેલવાનો હોય..જીવન એટલે કાંટાઓ વચ્ચેથી મધ ચાટવાની નજાકત...જિંદગીને અર્થહીન રાખવી એટલે જ કટાઈ જવું...એમાં કોઈ અર્થ ઉમેરી સાર્થકતા ભરવી એ જ આમ તો માણસનું કર્તવ્ય છે.

આપણને જેની શોધ છે એ મોજ આપણી અંદર જ પડેલી હોય છે. માણસે તેને પ્રગટ કરવાની હોય છે.મોજ એ આયાત થઈ શકે એવી ચીજ નથી. ઊલટાનું એની નિકાસ કરવાથી એ વધે છે.મોજનું સરનામું માણસનું મન છે. એને શોધવા માટે બહાર ભટકવું કે આમતેમ ફાંફાં મારવાં એ નિરર્થકતા છે..આપણી અંદર જો આપણે એને શોધી નાખીએ તો એ આસજન જેવી બની જાય છે..આપણે જ્યાં જઈએ ત્યાં એ આપણી સાથે જ વિહરતી રહે છે..આપણી સફરમાં આપણી સાથે ઈચ્છાઓનો કાફલો હોય છે જેનું સરનામું મોટાભાગે મૃગજળ જ હોય છે !